


# ARTS COLLEGE FATEPURA

# N.S.S.

## ANNUAL REPORT -2023-24

## COLLEGE ACTIVITIES

## COORDINATOR-DR.DESHALRAJBAL.RATHOD

# Tree Plantation

# 18/07/2023

આજરોજ આર્ટ્સ કોલેજ ફતેપુરાના કેમ્પસમાં,એન.એસ.એસ. અંતર્ગત તા. ૧૮/૭/૨૦૨૩ વિદ્યાર્થીઓ અને અધ્યાપકો દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો.જેમાં 85 વિદ્યાર્થીઓ એ ભાગ લીધો. પ્રત્યેક વિદ્યાર્થી અને અધ્યાપકે એક એક વૃક્ષ દત્તક લીધું અને તેની માવજતની જવાબદારી લીધી.સમગ્ર કાર્યક્રમનું માર્ગદર્શન પી.ઓ. ડૉ.દેશલરાજબા રાઠોડે આપ્યું.







ARTS COLLEGE, FATEPURA
NATIONAL SERVICE SCHEME
राष्ट्रीय सेवा योजना
NATIONAL SERVICE SCHEME
NOT ME BUT YOU


ARTS COLLEGE, FATEPURA
NATIONAL SERVICE SCHEME



# Azadika Amrut Mahotsav

આર્ટ્સ કૉલેજ ફતેપુરામાં NSS વિભાગ દ્વારા તારીખ 19/07/2023 ના રોજ આઝાદી કા અમૃતમહોત્સવ અંતર્ગત વક્તૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધાઅને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વક્તૃત્વ સ્પર્ધામાં 03, નિબંધ સ્પર્ધામાં 12, ચિત્ર  સ્પર્ધામાં 09 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કોલેજના આચાર્યશ્રી ડૉ. મનહરભાઈ ચરપોટ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓના ઉત્સાહમાં વધારો કર્યો હતો.કૉલેજ ના સ્ટાફ મિત્રોએ નિર્ણાયક તરીકે ભૂમિકા ભજવી હતી. જયારે સમગ્ર સ્પર્ધાનું સંચાલન NSS વિભાગના કોર્ડીનેટર ડૉ દેશળરાજબા રાઠોડે કર્યું હતું.

પ્રથમ નંબર મેળવેલ વિદ્યાર્થીઓના નામ

- વક્તૃત્વ સ્પર્ધા- કામોળ સોનલબેન શિવાજીભાઈ
- નિબંધ સ્પર્ધા-પરમાર રૂચિત મુકેશભાઈ
- ચિત્ર  સ્પર્ધા- ચમાર રાજેન્દ્રકુમાર ભરતભાઈ

**નિર્ણાયક સમિતિના  સભ્યો**

- વક્તૃત્વ સ્પર્ધા-પ્રો. એમ.એન.વ્યાસ ,પ્રો.પી.ડી.પરમાર ,ડૉ.વાય.જે.ચૌહાણ
- નિબંધ સ્પર્ધા-ડૉ.બી.એન.રાઠોડ, ડૉ.એન.એસ.ચૌધરી, ડૉ એલ.એ.પટેલ
- ચિત્ર  સ્પર્ધા- ડૉ.ડી.એલ.રાઠોડ ,ડૉ.એસ.વી.પટેલ






ARTS COLLEGE-FATEPURA
NATIONAL SERVICE SCHEME




પૂર્વજો દ્વારા વારસા માં
EVENT DATE
NOT ME BUT YOU


પૂર્વજો દ્વારા વારસા માં
NATIONAL SERV SCHEME
EVENT DATE
ONE EARTH • ONE FAMILY • ONE F


ARTS COLLEGE-F
NATIONAL SERVIC
2023 INDIA
Recycle
Stop Pollution
Ride a Cycle

## ⁕ Social Work In Adopted Village -Karoliya⁕

## 03/08/2023

આજરોજ તા 3/08/2023 એન.એસ.એસ.અંતર્ગત દત્તક ગામ કરોડીયાની વિદ્યાર્થીઓ દ્વારા મુલાકાત લેવામાં આવી.દત્તક ગામમાં બગીચો બનાવવા સરપંચને મળી જગ્યા પસંદ કરી તથા એ જગ્યાની સફાઈ કરી.ત્યારબાદ ગામમાં રેલી કાઢવામાં આવી.સમગ્ર કાર્યક્રમમાં પી.ઓ.ડૉ.દેશળરાજબા એ માર્ગદર્શન આપ્યુ હતું.













ARTS COLLEGE, FATEPURA
NATIONAL SERVICE SCHEME
NOT ME BUT YOU

# Azadika Amrut Mahotsav-75

# Meri Mitti Mera Desh – Vir Sanman

આજરોજ તા.૯/૮/૨૦૨૩ને બુધવારના રોજ આર્ટ્સ કોલેજ ફતેપુરાના રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા "આઝાદીકા અમૃતમહોત્સવ-૭૫" અંતર્ગત  મેરી મીટ્ટી મેરા દેશ-'વીરસન્માન'કાર્યક્રમનું આયોજન દત્તક ગામ કરોડિયા મુકામે કરવામાં આવ્યું .જેમાં ગામમાં રેલી કાઢી સ્વયં સેવકો દ્વારા પોસ્ટરો બનાવી વૃક્ષો વાવવા અને બચાવવાની જાગૃતિ લાવવામાં આવી .તા.૭ અને ૮ દરમ્યાન સ્વયંસેવકો દ્વારા કરોડિયા ગામમાં વાટિકા બનાવવા માટે જગ્યાની સફાઈ અને વૃક્ષો વાવવા ખાડા કરી સુશોભન કરવામાં આવ્યું.

સૌ પ્રથમ કૉલેજ કેમ્પસમાં 150 વૃક્ષો વાવવામાં આવ્યા ત્યારબાદ કરોડિયામાં આ કાર્યક્રમમાં ગામના સરપંચ શ્રીમતિ નીનામા રાધિકાબેન,ઉપસરપંચશ્રી હિતેશભાઈ પટેલ તેમજ પંચાયતના સભ્યશ્રીઓ અને ગ્રામજનો તેમજ પત્રકારશ્રી જુનેદભાઈ પટેલની ઉપસ્થિતિમાં સ્વયંસેવકો, કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી, NSS પ્રો.ઓફિસર કુ.ડી.એલ.રાઠોડ તેમજ સમગ્ર સ્ટાફ દ્વારા ૭૫ જેટલા વૃક્ષો વાવવામાં આવ્યા.

'વીર સન્માન કાર્યક્રમ અંતર્ગત આ વિસ્તારના નિવૃત્ત લશ્કરી જવાનો શ્રી. હસમુખભાઈ રોત તેમજ શ્રી બાબુભાઈ કટારાનું શાલ અને વૃક્ષ આપી સન્માન કરવામાં આવ્યું.'કાર્યક્રમનાં અંતે ડૉ.વાય.જે.ચૌહાણ સાહેબ દ્વારા દેશની પ્રગતિ અને એકતા માટે 'પંચ પ્રાણ શપથ' લેવડાવ્યા હતા.



# આર્ટ્સ કોલેજ ફતેપુરા N.S.S.






## “ मेरी मिट्टी मेरा देश ”
## “ विर सम्मान”





# આર્ટ્સ કોલેજ ફતેપુરા N.S.S.







## વૃક્ષારોપણ 🌱






# આર્ટ્સ કોલેજ ફતેપુરા N.S.S.






## વૃક્ષારોપણ 🌱















આર્ટ્સ કોલેજ ફતેપુરા N.S.S.

**Health Awareness Lecture**

**28/08/2023**

તારીખ 28/08/2023ના રોજ આર્ટ્સ કોલજ ફતેપુરામાં NSS વિભાગ અને પંચ પ્રકલ્પના સંયુક્ત ઉપક્રમે આરોગ્યલક્ષી વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.



# Fit India Movement-Lecture

# 29/08/2023

આજ રોજ આર્ટ્સ કોલજ ફતેપુરામાં તારીખ ૨૯/૦૮/૨૦૨૩ના રોજ ભારત સરકારના 'ફીટ ઇન્ડિયા' મૂવમેન્ટ અંતર્ગત NSS,પંચપ્રકલ્પ, ફીજીકલ એજ્યુકેશન વિભાગના સંયુક્ત ઉપક્રમે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું. તેમાં નવજીવન સાયન્સ કૉલેજ દાહોદ ના ફીજીકલ એજ્યુકેશનના પ્રો.ડૉ.વીરેન્દ્રકુમાર જે.ચૌહાણ સાહેબ ઉપસ્થિત રહ્યા હતા.જેમણે ફીટ ઇન્ડિયા-વિષય પર વ્યાખ્યાન આપ્યું તેમાં તેમણે સ્પોર્ટ્સ દ્વારા શારીરિક અને માનસિક મજબુત કઈ રીતે બની શકાય તેની PPTના માધ્યમ થી જ્ઞાન સભર માહિતી આપી હતી. અમારી કોલેજના



# N.S.S.Orientation

તારીખ 04/09/2023ના રોજ આર્ટ્સ કોલજ ફતેપુરામાં NSS વિભાગ દ્વારા NSS ઓરીએન્ટેશન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત NSSનું લક્ષ્યગીત ગાઈને કરવામાં આવી હતી. કૉલેજ ના આચાર્યશ્રી ડૉ.મનહરભાઈ ચરપોટ સાહેબ દ્વારા NSSમાં નવા જોડાયેલા સ્વયંસેવકોને શુભેચ્છા આપવામાં આવી હતી. NSSના પ્રોગ્રામ ઓફિસર ડૉ.દેશળરાજબા રાઠોડ દ્વારા NSSના હેતુઓ, પ્રવૃત્તિઓ વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા.NSSના વર્તમાન સ્વયંસેવકોએ નવા સ્વયંસેવકોને આવકાર્ય હતા અને પોતાના અનુભવો નવા વિદ્યાર્થીઓ સમક્ષ રજુ કર્યા હતા.










## Lecture on Organ Donation

## 22/09/2023

આર્ટ્સ કૉલેજ ફતેપુરામાં તારીખ 22/09/2023ના રોજ NSS દિવસની ઉજવણીના ભાગરૂપે અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટ અને NSSના સંયુક્ત ઉપક્રમે અંગદાન મહાદાન વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું.તેમાં અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટના શ્રી ધમુભાઈ પંચાલ ,શ્રી ભરતભાઈ મિસ્ત્રી અને ઝાલોદ કોલેજના NSSના પ્રોગ્રામ ઓફીસર ડૉ.બહાદુરસિંહ ગોહિલ ઉપસ્થિત રહ્યા હતા.શ્રી ધમુભાઈ પંચાલે અંગદાનનું મહત્વ અને એ ક્યાં સંજોગોમાં કરી શકાય તે વિશે વિસ્તૃત માહિતી આપી હતી .તેમને વિદ્યાર્થીઓને રક્ત દાન અને અંગ દાન કરવાનો સંકલ્પ પણ કરાવ્યો હતો .ડૉ.ગોહિલ સાહેબે પણ વિદ્યાર્થીઓને અંગદાનનો સંકલ્પ ગામડાઓ સુધી પહોચાડી સમાજને કઈ રીતે

ઉપયોગી થઇ શકાય તે વિશેનું પ્રેરણાત્મક વ્યક્તવ્ય આપ્યું હતું .ખુબ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તથા સમગ્ર સ્ટાફ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા અને અંગદાન માટે સંકલ્પ પત્ર ભરવામાં આવ્યા હતા .સમગ્ર કાર્યક્રમનું સંચાલન NSSના પ્રોગ્રામ ઓફિસર ડૉ.દેશળરાજબા રાઠોડે કર્યું હતું .આભાર વિધિ પ્રો.મીલન વ્યાસ સાહેબે કરી હતી.








## Cleanliness Week

26/09/2023 to 2/10/2023

તારીખ 26/9/2023 થી 2/10/2023 સુધી આર્ટ્સ કોલેજ ફતેપુરામાં સફાઈ સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું હતું

જેમાં N.S.S.દ્વારા કોલેજમાં સફાઈ સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કોલેજના N.S.S.ના સ્વયંસેવકો દ્વારા કોલેજમાં લાયબ્રેરી,ઓફિસો, ગ્રાઉન્ડ અને બગીચાની સફાઈ કરવામાં આવી હતી. કોલેજને પ્લાસ્ટિકમુક્ત કેમ્પસ બનાવવમાં આવ્યું હતું.



## Amrut Kalash Yatra

આર્ટ્સ કોલજ ફતેપુરા  તા. 13/10/2023  રોજ NSSવિભાગ દ્વારા અમૃત કળશ યાત્રાનું આયોજન  કરવામાં આવ્યું હતું.જેમાં જુદા જુદા ગામોની માટી કળશમાં એકત્રિત કરવામાં આવી અને તેની શોભાયાત્રા કાઢવામાં આવી.





# AMRUT KALASH YATRA












# AMRUT KALASH YATRA






## National Integration Camp

## 02/01/2024 to 08/01/2024

તારીખ- 31/12/2023ના રોજ વિધાર્થીઓ ની ટીમ છતીસગઢ માટે રવાના થઇ હતી.છતીસગઢ ખાતે આઠ રોકાણ કરૂં હતું. અને વિવિધ કાર્યક્રમો માં સહભાગી બન્યા હતા.તેમાં બે વિદ્યાર્થીઓ નીનામા જયેશભાઈ અને પારગી અજીતભાઈ ભાગ લીધો હતો.ડૉ. દેશળરાજબા રાઠોડ ટીમ મેનેજર તરીકે સેવા આપી હતી.






...ગઢ ખાતે NIC કેમ્પમાં ભાગ...

...દ ગુરુ યુનિવર્સિટીની એન.એસ....

...શ્રી ગોવિંદ ગુરુ યુનિ. ની જુદી જુદી કોલેજોના આઠ વિદ્યાર્થીઓની ટીમે દુર્ગ-છત્તીસગઢ ખાતે આયોજીત નેશનલ ઈન્ટ્રીગેશન કેમ્પ (એનઆઈસી કેમ્પ) માં શ્રી ગોવિંદ ગુરુ યુનિ. વતી ભાગ લઈ સાંસ્કૃતિક અને સેવાકીય પ્રવૃત્તિઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કરી સૌ કોઈના દિલ જીતી લીધા છે.

દુર્ગ ખાતે પહોંચેલી શ્રી ગોવિંદ ગુરુ યુનિ. ની ટીમને યુનિ. ના કુલપતિ, કુલ સચિવશ્રી એન.એસ.એસ. ના યુનિ. ના કોર્ડિનેટર ડો. મયંકભાઈ શાહ સહિત સમગ્ર એનએસએસ પરિવારે ટીમને બિરદાવીને અભિનંદન પાઠવેલ છે. યુનિ.ની આ એન એસ એસ ની ટીમના ટીમ મેનેજર તરીકે ફતેપુરા કોલેજના પ્રોગ્રામ ઓફિસર... કામગીરી... એન એસ... ડો. કમ... માર્ગદર્શન...







## National Integration Camp

## 02/08/2023 to 08/08/2023

તારીખ- 02/08/2023 થી 08/08/2023 આર્ટ્સ કોલેજ ફતેપુરાના ત્રણ વિદ્યાર્થીઓ તાવીયાડ સંદીપભાઈ દિલીપભાઈ ,નિસરતા કીર્તનભાઈ , પારગી મીતેશભાઇ નરવતભાઈ શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સીટી વિંઝોલ ખાતે રાષ્ટ્રીય એકતા શિબિરમાં સહભાગી થઇ વિવિધ કાર્યક્રમો માં ભાગ લીધો હતો. .ડૉ. દેશળરાજબા રાઠોડ ટીમ મેનેજર તરીકે સેવા આપી હતી.



**Amrut Kalash Yatra Samapan**

**31/10/23**



**Work shop on West To Best**

**22/10/2023**

આર્ટ્સ કોલજ ફતેપુરા  તા. 22/10/2023  રોજ NSSવિભાગ દ્વારા વેસ્ટ પેપરમાંથી જુદી જુદી વસ્તુઓ બનાવવાનું વિદ્યાર્થીઓને શીખવવામાં આવ્યું હતું



## Webinar-23/04/2024

# “FOOD-PLANET-HEALTH”

આર્ટ્સ કોલજ ફતેપુરા vegan outreach NGOના સંયુક્ત ઉપક્રમે “FOOD-PLANET-HEALTH” વિષય પર તા. ૨૩/૪/૨૦૨૪ના રોજ NSSવિભાગ દ્વારા વેબીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. vegan outreach INDIAના કોર્ડીનેટર અને સ્પીકર નીજા મેડમ દ્વારા “FOOD-PLANET-HEALTH” વિષય પર ખુબજ ઉપયોગી માહિતી પ્રદાન કરી હતી.તેમણે VEGAN FOOD દ્વારા આપણે આપણી HEALTH અને PLANETને કેવી રીતે સાચવી શકાય તે પાવર પોઈન્ટના માધ્યમથી ખુબ જ સરળ અને સહજ રીતે સમજ આપી .જેમાં કોલેજના 109 વિદ્યાર્થીઓ અને સમગ્ર સ્ટાફે ભાગ લીધો હતો.વેબીનારનું સંચાલન દેશળબેને કર્યું હતું.




TS COLLEGE, FATEPURA
ONAL SERVICE SCHEME
NOT ME BUT YOU


OLLEGE, FATEPURA
L SERVICE SCHEME
T ME BUT YOU


GPS Map
Camera Lite
726J+7Q6, road, Jhalod, Karodiya, Gujarat 389172, India
Latitude
23.260641°
Longitude
74.0322993°
Local 10:30:47 AM
GMT 05:00:47 AM
Altitude 185 meters
Friday, 23.02.2024

# Voter Awareness Program

આર્ટ્સ કૉલેજ ફતેપુરામાં તા. 23/03/2024 ના રોજ સમીરભાઈ ખાંટ માર્ગદર્શન હેઠળ મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો .આ કાર્યક્રમમાં દાહોદ જીલ્લાના પ્રાથમિક શિક્ષણ અધિકારીએ કોલેજના યુવાનોને ૧૦૦%મતદાન કરવામાટે પ્રોત્સાહિત કર્યા હતા.આ કાર્યક્રમ દરમ્યાન ‘હું મતદાન કરીશ’ ના સૂત્ર સાથે ઝુંબેશ કરવામાં આવી હતી.





# World Yoga day Celebration

# 21/06/2023

યોગ દિવસ નિમિત્તે તા.21/06/2023ના સ્પોર્ટ્સ કમિટી અને N.S.S. ના સંયુક્ત ઉપક્રમે કોલેજના સભાખંડમાં વિદ્યાર્થીઓને યોગ,આસન અને પ્રાણાયામ વિશેની માહિતી ડૉ.વાય.જે.ચૌહાણ સાહેબ દ્વારા આપવામાં આવી. ત્યારબાદ વિદ્યાર્થીઓને યોગ,આસન અને પ્રાણાયામ પ્રેક્ટીકલી શીખવીને કરાવવામાં આવ્યા. જેમાં 103 વિદ્યાર્થીઓ તેમજ સમગ્ર સ્ટાફે ઉત્સાહ પૂર્વક ભાગ લીધો. સમગ્ર કાર્યક્રમના અંતે રાષ્ટ્રગાન ગાઈ સમાપન કરવામાં આવ્યું.



## Independence Day Celebration

## 15/08/2023

તારીખ- 15/8/2023 ના રોજ આર્ટ્સ કોલેજ ફતેપુરામાં માં સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમમાં કોલેજનો સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.કોલેજના આ વર્ષે કોલેજના પ્રો.મિલનભાઈ વ્યાસના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું તેમજ કોલેજનાં પ્રિન્સીપાલ ડૉ.એમ.એસ.ચરપોટ સાહેબ અને ગુજરાતી વિષયના અધ્યક્ષ શ્રી પી.ડી.પરમાર સાહેબે પ્રાસંગીત ઉદબોધન કર્યું હતું. કોલેજનાંએન.એસ.એસ.ના કોર્ડીનેટરડૉ.દેશળરાજબા રાઠોડ ની અધ્યક્ષતામાં એન.એસ.એસ. વિદ્યાર્થીઓએ પરેડ અને ધ્વજવંદન ના અંતે નારા બોલાવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ફીજીકલ એજ્યુકેશનના અધ્યક્ષ ડૉ.વાય.જે.ચૌહાણ સાહેબે કર્યું હતું.



**Run For Unity**

**30/10/23**



# Republic day celebration

# 26/01/2024

તારીખ- 26/01/2024 ના રોજ આર્ટ્સ કોલેજ ફતેપુરામાં માં ૭૪મા પ્રજાસત્તાકદિનની ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમમાં કોલેજનો સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. કોલેજની વિદ્યાર્થીની નૈનાબેનના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું તેમજ કોલેજનાં પ્રિન્સીપાલ ડૉ.એમ.એસ.ચરપોટ સાહેબ અને ગુજરાતી વિષયના અધ્યક્ષ શ્રી પી.ડી.પરમાર સાહેબે પ્રાસંગીત ઉદબોધન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ફીજીકલ એજ્યુકેશનના અધ્યક્ષ ડૉ.વાય.જે.ચૌહાણ સાહેબે કર્યું હતું.








# Rangoli Competition

# 15/9/23





# Mahedi Competition



# PRESS NOTES



વાત્સલ્યમ્ સમાચાર
જુનેદ પટેલ-ફતેપુરા

આટ્ર્સ કોલેજ ફતેપુરામાં તારીખ ૨૮/૦૮/૨૦૨૩ના રોજ ભારત સરકારના "એક ભારત શ્રેષ્ઠ ભારત"અંતર્ગત "પંચ પ્રકલ્પ"ના આરોગ્યલક્ષીપ્રકલ્પ અને NSSના સંયુક્ત ઉપક્રમે આરોગ્યલક્ષી વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું. તેમાં સબ-ડીસ્ટીક હોસ્પિટલ,ઝાલોદના એસ.ટી. આઈ.કાઉન્સિલર શ્રી અનિલભાઈ પી.

રસીકરણ અને તે અંગેની જાગૃતિની વાત કરી હતી. તે ઉપરાંત હિપેટાઈટીસ,ટી.બી.,HIV અને જાતીય બીમારીઓ તે થવાના કારણો અને તે અંગેની જાગૃતિ અને સારવાર વિષે વિશેષ માહિતી આપી હતી.વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી પણ કરી અને વિદ્યાર્થીઓના પ્રશ્નોના જવાબો આપી કાર્યક્રમને જીવંત બનાવ્યો હતો. શ્રી પુષ્પકભાઈ પટેલે સરકાર દ્વારા ચાલતી વિવિધ આરોગ્યલક્ષી યોજનાઓ અને

## ...ાર્ટ્સ કોલેજ ફતેપુરાના રાષ્ટ્રીય સેવા યોજના ... વીર સન્માન "કાર્યક્રમનું આયોજન કરવામાં ...

● વાત્સલ્યમ્ સમાચાર
● જુનેદ પટેલ-ફતેપુરા



...ાર્ટ્સ કોલેજ ફતેપુરાના રાષ્ટ્રીય ...યોજના (NSS) દ્વારા આઝાદી કા ...ત મહોત્સવ – ૭૫" અંતર્ગત " ...મીટ્ટી મેરા દેશ", "વીર સન્માન ...ાર્યક્રમનું આયોજન દત્તક ગામ ...ીયા માં કરવામાં આવ્યું, જેમાં ...માં રેલી કાઢી સ્વયંસેવકો દ્વારા ...રો બનાવી વૃક્ષો વાવવા અને ...વવાની જાગૃતિ લાવવામાં આવી. ...અને ૮ દરમ્યાન સ્વયંસેવકો દ્વારા ...ડેયા ગામમાં વાટીકા બનાવવા ...જગ્યાની સફાઈ અને વૃક્ષો વાવવા ... કરી સુશોભન કરવામાં આવ્યું. ...પ્રથમ કોલેજ કેમ્પસમાં ૧૫૦ ... વાવવામાં આવ્યા ત્યાર બાદ ...ડેયામાં આ કાર્યક્રમમાં ગામનાં ...ંચ શ્રીમતી નીનામા રાધિકાબેન, ...રપંચશ્રી હિતેશભાઈ પટેલ તેમજ પંચાયતનાં સભ્યશ્રીઓ અને ગ્રામજનો તેમજ પત્રકારશ્રી જુનેદભાઈ પટેલની ઉપસ્થિતિમાં સ્વયંસેવકો, કોલેજનાં ઈન્ચાર્જ આચાર્યશ્રી, NSS પ્રો. ઓફિસર કુ.ડી.એલ.રાઠોડ તેમજ સમગ્ર સ્ટાફ દ્વારા ૭૫ જેટલાં વૃક્ષો વાવવામાં આવ્યા.વીર સન્માન કાર્યક્રમ અંતર્ગત આ વિસ્તારના ... જવાનો શ્રી હસમુખભાઈ ... શ્રી બાબુભાઈ કટારાનું ... ...ક્ષ આપી સન્માન કરવ... કાર્યક્રમનાં અંતે ડો.વાય... દ્વારા દેશની પ્રગતિ અને ... "પંચ પ્રાણ શપથ લેવરાવ...

## પ્રાકૃતિક ખેતી" વિષય પર વ્યાખ્યાનનું આયોજન



વાત્સલ્યમ્ સમાચાર
જુનેદ પટેલ-ફતેપુરા

આટ્ર્સ કોલેજ ફતેપુરા ખાતે ભારત સરકારના "પંચપ્રકલ્પ" અંતર્ગત "ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી" વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજનાં

કમ્પોસ્ટ ખાતર બનાવવાની પધ્ધતિ, પશુપાલન અને તેના ફાયદા વિષે વિસ્તૃત માહિતી દ્વારા વિદ્યાર્થીઓને ગૌ આધરિત પ્રાકૃતિક ખેતી કરવા માટેની પ્રેરણા આપી. આ કાર્યક્રમમાં કોલેજનાં પ્રિન્સિપાલ ડૉ.મનહરભાઈ ચરપોટ અને સમગ્ર સ્ટાફ ઉપસ્થિત

## ઈન્ડિયા' મુવમેન્ટ અંતર્ગત સેમીનાર



વાત્સલ્યમ્ સમાચાર
જુનેદ પટેલ-ફતેપુરા

ફતેપુરા આટ્ર્સ કોલેજમાં ભારત સરકારના ફીટ ઈન્ડિયા' મુવમેન્ટ અંતર્ગત સેમીનારનું આયોજન કરવામાં આવ્યું આટ્ર્સ કોલેજ ફતેપુરામાં તારીખ ૨૯/૦૮/૨૦૨૩ના રોજ ભારત સરકારના ફીટ ઈન્ડિયા' મુવમેન્ટ અંતર્ગત NSS,પંચપ્રકલ્પ,ફીજી-

દાહોદ ના ફીજીકલ એજ્યુકેશનના પ્રોફેસર ડૉ વિરેન્દ્રકુમાર જે. ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા. જેમણે ફીટ ઈન્ડિયા-વિષય પર વ્યાખ્યાન આપ્યું તેમાં તેમણે સ્પોટ્ર્સ દ્વારા શારીરિક અને માનસિક મજબુત કઈ રીતે બની શકાય તેની PPTના માધ્યમ થી જ્ઞાન સભર માહિતી આપી હતી. અમારી કોલેજનાં ફીજીકલ એજ્યુકેશનના પ્રો-

હમેશા સત્યના સંગાથ
વાત્સલ્યમ્ સમાચાર
દૈનિક વર્તમાન પત્ર
RNI No.GUJGUJ/2021/84659
Owner & Editor : Paresh Paria - 8732918183, vatsalyamsamachar@gmail.com | www.vatsalyamsamachar.com

## આર્ટ્સ કોલેજ ફતેપુરામાં NSS વિભાગ દ્વારા NSS ઓરિએન્ટેશન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું




વાત્સલ્યમ્ સમાચાર, જુનેદ પટેલ-ફતેપુરા

આર્ટ્સ કોલેજ ફતેપુરામાં NSS વિભાગ દ્વારા NSS ઓરિએન્ટેશન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત NSSનું લક્ષ્યગીત ગાઈને કરવામાં આવી હતી. કોલેજનાં કા.આચાર્યશ્રી ડૉ.મનહરભાઈ ચરપોટ ... સ્વયંસેવકોને શુભેચ્છા આપવામાં આવી હતી. NSSના પ્રોગ્રામ ઓફિસર ડૉ. દેશળરાજબા રાઠોડ દ્વારા NSSના હેતુઓ,પ્રવૃત્તિઓ વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. NSSના વર્તમાન સ્વયંસેવકોએ નવા સ્વયંસેવકોને આવકાર્યા હતા અને પોતાના અનુભવો ...

## આર્ટ્સ કોલેજ ફતેપુરામાં આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું



● વાત્સલ્યમ્ સમાચાર
● જુનેદ પટેલ-ફતેપુરા

આર્ટ્સ કોલેજ ફતેપુરામાં NSS વિભાગ દ્વારા ૧૯/૦૭/૨૦૨૩ ના રોજ વક્તુત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વક્તત્વ સ્પર્ધામાં ૦૩, નિબંધ સ્પર્ધામાં ૧૨, અને ચિત્ર સ્પર્ધામાં ૦૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આર્ટ્સ કોલેજના આચાર્ય શ્રી મનહરભાઈ ચરપોટ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓના ઉત્સાહમાં વધારો કર્યો હતો. કોલેજના સ્ટાફ મિત્રોએ નિર્ણાયક તરીકે ભૂમિકા ભજવી હતી. જ્યારે સમગ્ર સ્પર્ધાનું સંચાલન NSS ના કોર્ડીનેટર ડો. દેશલરાજભા રાઠોડે કર્યું હતું.

## ખાતે મતદાન જાગૃતિ અભિયાન કાર્યક્રમ યોજાયો



વાક્શક્તિ, દાહોદ તા.૧૫

લોકોમાં મતદાન અંગે જાગૃતિ આવે અને વધુમાં વધુ મતદાન થાય તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર સતત પ્રયત્નશીલ છે. દાહોદ જિલ્લા કલેકટર યોગેશ નિરગુડેના માર્ગદર્શન હેઠળ દાહોદ જિલ્લામાં વિવિધ સ્થળોએ સ્વીપ કાર્યક્રમ અને મતદાન જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. ફતેપુરા તાલુકાની આર્ટસ કોલેજ ખાતે પણ કોલેજના ... યોજવામાં આવ્યો હતો.જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીએ. એ.બારિયાએ કોલેજના યુવાઓને ૧૦૦ ટકા મતદાન કરવા માટે પ્રોત્સાહિત કરતા તેમણે ઉમેર્યું હતું કે, લોકશાહીનો અવસર એ અનેરો અવસર છે ત્યારે પાત્રતા ધરાવતા તમામ લોકોએ અવશ્ય મતદાન કરવું જોઈએ અન્યને પણ મતદાન કરવા માટે પ્રેરિત કરવા જોઈએ.આ કાર્યક્રમ દરમ્યાન હું મતદાન કરીશ ના સૂત્ર સાથે સહી ઝુંબેશ કરવામાં આવી હતી તેમજ આગામી તમામ ચૂંટણીઓમાં અચૂક પણે મતદાન કરી પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા અંગે સૌએ પ્રતિજ્ઞા કરી હતી. આ કાર્યક્રમમાં મામલતદાર વસાવા, આર્ટસ કોલેજના આચાર્ય ચરપોટ સહિત નાયબ

## નેશનલ ઈન્ટિગ્રેટેડ કેમ્પ છત્તીસગઢ જવા માટે રવાના થઈ




વાકશક્તિ, ફતેપુરા તા.૦૨

તા-૩૧/૧૨/૨૦૨૩ના રોજ વિદ્યાર્થીઓ ની આ ટીમ છત્તીસગઢ માટે આ ટિમ રવાના થઈ હતી. છત્તીસગઢ ખાતે આઠ દિવસ રોકાણ કરશે અને વિવિધ કાર્યક્રમો ... નીનામા જયેશકુમાર અને પારગી અજીતભાઈ ભાગ લેવા જઈ રહયા છે. આ બંને વિદ્યાર્થીઓને કોલેજ પરિવાર તરફથી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી, એન.એસ.એસ પ્રોગ્રામ

# "NOT ME BUT YOU"